# જૂથ : અર્થ અને લક્ષણો

## પ્રાસ્તાવિક

સમાજલક્ષી મનોવિજ્ઞાન વ્યક્તિના સામાજિક વર્તનનો અભ્યાસ કરે છે. **સામાજિક વર્તન એક અથવા બીજી દૃષ્ટિએ જૂથના સંદર્ભમાં થાય છે.** વળી, વ્યક્તિ જીવનપર્યંત કુટુંબ, શાળા, મિત્રો, જ્ઞાતિ, મંડળો, ધાર્મિક જૂથ, સામાજિક અને રાજકીય જૂથ વગેરેમાં વિવિધ વર્તનવ્યવહારો કરે છે અને તેથી જ તેના વર્તનના દરેક પાસા પર જૂથની અસર સ્પષ્ટપણે જોઈ શકાય છે. તેથી જ સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં જૂથનો અભ્યાસ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

## જૂથ એટ્લે શું ?

"જૂથ શબ્દના અર્થો =

'જૂથ' શબ્દના અનેક અર્થો છે, પરંતુ જૂથ શબ્દનો અર્થ મુખ્યત્વે **ત્રણ રીતે** આપવામાં આવે છે, જે નીચે પ્રમાણે છેઃ

(I) કોઈપણ પ્રકારના હેતુ સાથે કે હેતુ વિના અમુક સ્થળે બેઠેલા, ચાલતા કે એકત્રિત થયેલા લોકોનો સમૂહ એટલે જૂથ.

જેમકે પ્લેટફોર્મ ઉપર ઊભા રહેલા લોકોનો સમૂહ, ચોપાટી પર બેઠેલા લોકોનો સમૂહ વગેરે. સમૂહોમાં શારીરિક નિકટતા એ મહત્ત્વનું લક્ષણ છે.

(2) ચોક્કસ પ્રકારના બંધારણ ધરાવતા સંગઠનમાં સભ્યપદ ધરાવતા લોકોના સમુહ માટે પણ 'જૂથ' શબ્દનો ઉપયોગ થાય છે.

જેમકે કુટુંબ, જ્ઞાતિ, કોલેજ વગેરે. અહીં જૂથના સભ્યી પોતાના જૂથ પરત્વે વફાદારી તેમજ આત્મીયતાની લાગણી ધરાવે છે.

(3) સમાન લક્ષણ કે લેબલ ધરાવતા લોકોના સમૂહ માટે જૂથ' શબ્દ વપરાય છે.

જેમ કે, કાળાબજારિયાઓનું જૂથ, કરચોરી કરનાર લોકોનું જૂથ. આવા જૂથના લોકો એકબીજાને ભાગ્યે જ ઓળખતા હોય છે.

'મનોવૈજ્ઞાનિક જુથના સંદર્ભમાં ત્રીજી પ્રકારના અર્થને સ્વીકારવામાં આવતો નથી, કારણ કે આ પ્રકારના જૂથમાં આંતરક્રિયાનો અભાવ હોય છે. જયારે પ્રથમ અને બીજા પ્રકારના અર્થને સ્વીકારવામાં આવે છે.

**જૂથની વ્યાખ્યાઓ :**

જુદા જુદા લેખકોએ 'જૂથ'ની વ્યાખ્યાઓ આપી છે, જેમાંથી કેટલીક મહત્ત્વની વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે --

(૧) કિમ્બાલ યંગ-"બે કે તેથી વધુ વ્યક્તિઓ આંતરક્રિયાનો સંબંધ કે વ્યવસ્થા ધરાવતા હોય તો તેને જૂથ કહી શકાય.

(2) બેરન અને બાયર્ન-જૂથ એ સહકારયુક્ત પરસ્પર અવલંબી સંબંધો ધરાવતી વ્યક્તિઓનો સમુદાય છે.

(3) બી. કુપ્પુસ્વામી-જૂથ એ વ્યક્તિઓનો એવો સમૂહ છે કે જેમાંથી વ્યક્તિઓ એકબીજા સાથે પરસ્પર આધારિત એવા સહકારી સંબંધો ધરાવે છે.

(4) બોનર-'જૂથ એ પારસ્પારિક ક્રિયા-પ્રતિક્રિયાઓ કરતી વ્યક્તિઓની એક્તા છે.'

(5) લિન્ડગ્રેન-"બે કે તેથી વધુ વ્યક્તિઓ કાર્યાત્મક સંબંધોમાં જોડાયેલી હોય ત્યારે જૂથ બને છે.

(6) રિક અને શેરિક-જૂથ એ સામાજિક એકમ છે. જેમાં વ્યક્તિઓ એકબીજા સાથે એવી રીતે સંકળાયેલી છે કે જેમને નિશ્ચિત દરજ્જો કે ભૂમિકા-સંબંધ હોય છે તેમજ જૂથને પોતાનાં ચોક્કસ મુલ્યો અને ધોરણો હોય છે, જે દ્વારા તેના સભ્યોના વર્તનનું નિયમન થાય છે.'

(7) ન્યુકોમ્બ-જૂથ બે કે તેથી વધુ વ્યક્તિઓનું બનેલું હોય છે અને જેઓ કેટલીક બાબતો વિશે સમાન ધોરણો ધરાવતાં હોય છે તથા તેમની સામાજિક ભૂમિકા પરસ્પર ગાઢ રીતે સંકળાયેલી હોય છે.

**મનોવૈજ્ઞાનિક જૂથ :**

ક્રચ, ક્રચફિલ્ડ અને બેલાચી જૂથને મનોવૈજ્ઞાનિક જૂથ કહે છે, જેમાં મુખ્ય બે શરતો છેઃ

(1) જૂથના સભ્યો વચ્ચેના સંબંધો પરસ્પર અવલંબી હોય અથવા દરેક સભ્યનું વર્તન બીજા સભ્યના વર્તનને અસર કરતું બને.

(2) જૂથના સભ્યોના પારસ્પારિક વર્તનને નિયંત્રિત કરનારાં મૂલ્યો, ધોરણો અને માન્યતાઓના સમુચ્ચયની બનેલી એક વિચારસરણીમાં તેઓ સહભાગી બને.

ઉપર આપેલી વ્યાખ્યાનોને આધારે 'જૂથ'નો અર્થ નીચેના મુદ્દાઓ દ્વારા આપી શકાય (1) જૂથ એ બે કે તેથી વધુ વ્યક્તિઓનું બનેલું એક સામાજિક એકમ છે.

(2) જૂથના સભ્યો એકબીજા સાથે ચોક્કસ પ્રકારની આંતરક્રિયા કરે છે.

(3) જૂથમાં તેના સભ્યોના ચોક્કસ પ્રકારના સ્થાન (સામાજિક દરજ્જા) તેમજ તેમની ભૂમિકાઓ નિશ્ચિત હોય છે.

(4) જૂથના સભ્યોનો વર્તનના નિયમન માટે જૂથને પોતાનાં મૂલ્યો અને ધોરણો હોય છે.

## જૂથનાં લક્ષણો

જૂથ તેનાં 'મનોવૈજ્ઞાનિક લક્ષણો'ને આધારે પોતાનું આગવું સ્વરૂપ ધરાવે છે. જૂથનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

(1) સામાજિક એકમ

(2) સમાન ઉદ્દેશો અને હેતુઓ

(3) સામાજિક આંતરક્રિયા

(4) દરજ્જો અને ભૂમિકા સંબંધો

(5) મૂલ્યો અને ધોરણો

(6) વર્તનનું નિયંત્રણ

(7) નિશ્ચિત કદ

(8) સમાન કેન્દ્ર કે આકર્ષણ

(9) તાદાત્મ્યનો ભાવ ('અમે'ની ભાવના)

(10) નેતૃત્વ

**(1) સામાજિક એકમ**

જૂથ એ સામાજિક એકમ છે. સમાજ અનેક નાનાં-મોટાં જૂથોમાંથી બને છે. સમાજ સ્ત્રી-પુરુષનાં જૂથો, મનોરંજનનાં જૂથો, જ્ઞાતિ અને ધર્મનાં જૂથો એમ જુદા જુદા પ્રકારનાં નાનાં-મોટાં જૂથોનો બનેલો છે. આમ, જૂથ એ સમાજનું અંગ છે, મૂળભૂત એકમ છે.

**(2) સમાન ઉદ્દેશો અને હેતુઓ**

જૂથમાં દરેક વ્યક્તિ ચોક્કસ ઉદ્દેશ અને હેતુ સિદ્ધ કરવા માટે જોડાય છે. જૂથના સભ્યો સમાન ઉદ્દેશો અને હેતુઓ ધરાવે છે. સમાન રાજકીય વિચારસરણી અને સમાન ઉદ્દેશ ધરાવતી વ્યક્તિઓ ચોક્કસ રાજકીય જૂથના

સભ્યો હોય છે; તેવી જ રીતે ધાર્મિક જૂથમાં કે મનોરંજન ક્લબમાં જોડાયેલી વ્યક્તિઓના ઉદ્દેશો અને હેતુ સમાન હોય છે.

### (3) સામાજિક આંતરક્રિયા

જૂથના સભ્યો એકબીજાના સંપર્કમાં આવે છે અને એકબીજા સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપની આંતરક્રિયા કરે છે. કુટુંબમાં તેના સભ્યો વચ્ચે પ્રત્યક્ષ સ્વરૂપની આંતરક્રિયા જોવા મળે છે. રાજકીય પક્ષ, ધાર્મિક જૂથ વગેરે જૂથોમાં પરોક્ષ આંતરક્રિયા જોવા મળે છે.

### (4) દરજ્જા અને ભૂમિકા-સંબંધી

જૂથના સભ્યોનો દરજ્જો અને ભૂમિકા ઓછે વત્તે અંશે નક્કી થયેલ હોય છે. કુટુંબ જેવા પ્રાથમિક જૂથમાં તેમજ કર્મચારીમંડળ કે રાજકીય પક્ષ જેવાં જૂથોમાં ભૂમિકાઓ. અને દરજ્જાઓના પારસ્પરિક સંબંધો નિશ્ચિત હોય છે.

### (5) મૂલ્યો અને ધોરણો

જૂથના સભ્યો જૂથને સ્પર્શતી બાબતો પરત્વે ચોક્કસ સમાન મૂલ્યો અને ધોરણો ધરાવે છે. મૂલ્યો અને ધોરણો જૂથના સભ્યોના વર્તનનું નિયમન કરે છે.

## (6) વર્તનનું નિયંત્રણ

જૂથ વ્યક્તિના વર્તનનું નિયંત્રણ કરે છે. વ્યક્તિના વર્તન પર જૂથનો પ્રભાવ પડે છે અને વ્યક્તિએ જૂથનાં નક્કી કરેલાં ધારાધોરણો પ્રમાણે વર્તવું પડે છે.

## (7) નિશ્ચિત કદ

જૂથનું નિશ્ચિત કદ હોય છે. જૂથની રચના અને અસ્તિત્વ માટે ઓછામાં ઓછી બે વ્યક્તિ હોય છે. દા. ત., લગ્નસંબંધથી જોડાયેલાં પતિ-પત્નીથી કુટુંબની રચના થાય છે. જ્યારે બીજી બાજુ ધાર્મિક જૂથ, રાજકીય પક્ષ વગેરે મોટા કદનાં જુથો છે.

## (8) સમાન કેન્દ્ર કે આકર્ષણ

કોઈપણ સ્થળે એકત્રિત થયેલા લોકોના સમુહને જૂથ કહી શકાય નહિ; મંદિરમાં જતા દર્શનાર્થીઓનો સમાવેશ જૂથમાં થાય નહિ, પરંતુ જૂથના સભ્યો કોઈ સમાન કેન્દ્ર કે આકર્ષણની આસપાસ એકત્રિત થયેલા હોય છે.

## (૭) તાદાત્મ્યનો ભાવ (અમેની ભાવના)

જૂથના સભ્યોમાં તાદાત્મ્યનો ભાવ એટલે કે 'અમે'ની ભાવના જોવા મળે છે. જૂથના સભ્યો આ મારું જૂથ છે એવી આત્મીયતાની લાગણી ધરાવે, જે જૂથની એકતાને ટકાવી રાખે છે.

**(10) નેતૃત્વ**

દરેક જૂથને નેતા હોય છે. મોટા કદના જૂથમાં જુદી જુદી કક્ષાઓના નેતાઓ હોય છે. અસરકારક નેતૃત્વ જૂથમાં એકતા લાવે છે.

## જૂથના પ્રકારો

મનોવૈજ્ઞાનિકો અને સમાજશાસ્ત્રીઓ વિવિધ દ્રષ્ટિબિંદુઓને આધારે જૂથનાં વર્ગીકરણો આપે છે. જૂથના પ્રકારો નીચે પ્રમાણે છે :

(I) પ્રત્યક્ષ જૂથ અને પરોક્ષ જૂથ

(2) પ્રાથમિક જૂથ અને ગૌણ જૂથ

(3) સ્વકીય જૂથ અને પરકીય જૂથ

(4) ઔપચારિક જૂથ અને અનૌપચારિક જૂથ

(5), સુસંગત જૂથ અને અવ્યવસ્થિત જય

(6) સર્વસ્પર્શીય જૂથ અને અસ્પર્શીય જૂથ

(7) આકસ્મિક જૂથ અને હેતુલક્ષી જૂથ

(8) ખુલ્લા જૂથ અને મર્યાદિત જૂથ

(I) પ્રત્યક્ષ જૂથ અને પરોક્ષ જૂથ

પ્રત્યક્ષ જૂથ: પ્રત્યક્ષ જૂથમાં સભ્યો વચ્ચે મોઢામોઢનો અને પ્રત્યક્ષ સંબંધ હોય છે તેમજ સભ્યો એકબીજાથી પરિચિત હોય છે. આવાં જૂથોમાં સભ્યો વચ્ચે વિચાર, વાણી અને આદર્શોની પરસ્પર આપ-લે થતી હોય છે. સભ્યો વચ્ચે એક પ્રકારનું સહઅસ્તિત્વ હોય છે. કુટુંબ, ગ્રામસમાજ, મિત્રવર્તુળ, વિદ્યાર્થીઓનું મંડળ વગેરે પ્રત્યક્ષ જૂથનાં દૃષ્ટાંતો આત્મીય સંબંધો હોય છે. છે. પ્રત્યત જૂથના સભ્યો વચ્ચે ધનિષ્ઠ અને

પરોક્ષ જૂથ: આનાથી વિરુદ્ધ પ્રકારના જૂથને પરોક્ષ જૂથ કહેવામાં આવે છે. પરોક્ષ જૂથના સભ્યો વચ્ચે મોઢામોઢનો અને આત્મીય સંબંધ હોતો નથી. પરોક્ષ જૂથોની માન્યતાઓ, વિચારો, અભિપ્રાયો વગેરેમાં સામ્ય હોય છે. ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ, અમુક લેખકનો વાચક વગેરે પરોક્ષ જૂથનાં દૃષ્ટોનો છે.

તફાવતઃ પ્રત્યક્ષ જૂથમાં પ્રત્યક્ષ અને નિકટનો સંબંધ હોવાથી સભ્યો એકબીજાને વારંવાર મળતા રહે છે. તેમની વચ્ચે સતત આંતરક્રિયા થતી હોય છે. અમુક ચોક્કસ આધ્યાત્મિક જથ્થો એકબીજાને મળતા રહે છે, કારણ કે તેમની વચ્ચે નિકટતાનો સંબંધ હોય છે.

પરોક્ષ જૂથમાં પ્રત્યક્ષ સંપ્નનો અગાવ હોય છે. સભ્યો એકબીજાથી પરિચિત હોતા નથી. તેઓ એકબીજાને અવારનવાર મળતા નથી. તેઓ વચ્ચે વર્તમાનપત્રો, મેઝિન કે પત્રો દ્વારા સંપર્ક થતો હોય છે. પરોક્ષ જૂથના સભ્યો દૂરદૂર સુધી વિસ્તરેલા હોવાથી એકબીજીને મળી શક્તા નથી. પમિત્રો કે 'ફેસબુક' પરના મિત્રો પરોક્ષ જથ ગણાય. આ અર્થમાં પ્રાથમિક જૂથ એ પ્રત્યક્ષ જૂથ ગણાય અને ગૌણ જૂથ એ પરોક્ષ જૂથ ગણાય.

## (2) પ્રાથમિક જૂથ અને ગૌણ જૂથ

સી.એચ. કૂલેએ તાદાત્મ્યને આધારે જૂથના બે પ્રકારો દર્શાવ્યા છે

(1) પ્રાથમિક જૂથ અને (2) ગૌણ જૂથ

પ્રાથમિક જૂથ: જે જૂથના સભ્યો વચ્ચે પ્રત્યક્ષ અને અત્યંત નિકટનો સંબંધ હોય તેમજ જૂથના સભ્યો વચ્ચે આત્મીયતાનું પ્રમાણ વધારે હોય તે જૂથને પ્રાથમિક જૂથ કહે છે. પરસ્પર સહકાર, સહાનુભૂતિ, પ્રત્યક્ષ સંબંધ અને ઉત્કટ લાગણી ધરાવતા તેમજ 'અર્મની ભાવના' ધરાવતા જૂથને પ્રાથમિક જૂથ કહે છે. કુટુંબ, મિત્રમંડળ, પડોશ, ગ્રામસમાજ વગેરે પ્રાથમિક જૂથના ઉદાહરણો છે.

પ્રાથમિક જૂથનાં મહત્ત્વના લક્ષણો આ પ્રમાણે છે:

(1) સમાન ઇચ્છાઓ અને અભિરુચિ (2) સંબંધોમાં સ્વાભાવિકતા (૩) વૈયક્તિક સંબંધ (4) સહકારની પ્રબળ લાગણી (5) એકતા અને સલામતીની લાગણી (6) મહત્તમ નિયંત્રણ અને

(7) સભ્યો વચ્ચેનો પરસ્પર સંબંધ એ જ મુખ્ય ઉદ્દેશ.

ગૌણ જૂથ: જે જૂથના સભ્યો વચ્ચે પરોક્ષ અને ઓછા નિકટનો સંબંધ હોય તેમજ જૂથના સભ્યો વચ્ચે આત્મીયતાનું પ્રમાણ ઓછું હોય તે જૂથને ગૌણ જૂથ કહે છે. ગૌણ જૂથમાં સભ્યો વચ્ચે મોઢામોઢનો સંબંધ હોતો નથી અને વૈયક્તિક સંબંધ પણ ઓછો હોય છે. શૈક્ષણિક સંસ્થા, વ્યાવસાયિક જૂથ, રાજકીય પક્ષ, ધાર્મિક જૂથ વગેરે ગૌણ જૂથનાં ઉદાહરણો છે.

ગૌણ જૂથનાં મહત્ત્વનાં લક્ષણો આ પ્રમાણે છે : (1) મોટું કદ (2) ઔપચારિક સંબંધ (3) અપ્રત્યક્ષ સંબંધ (4) કરારયુક્ત સંબંધ (5) વિશિષ્ટ હેતુ (6) ઘનિષ્ઠતા અને અહમ્‌ના સમાવેશનનો અભાવ અને (7) મર્યાદિત જવાબદારીઓ.

### (3) સ્વકીય જૂથ અને પરકીય જૂથ:

આપણે લોકોને પોતાના અને પારકા એમ બે વર્ગોમાં વહેંચીએ છીએ. સમનરે આ દૃષ્ટિબિંદુને આધારે જૂથના સ્વકીય અને પરકીય જૂથ એવા બે પ્રકારો દર્શાવ્યા છે.

સ્વકીય જૂથ: જે જૂથના સભ્યો પરત્વે વ્યક્તિ તાદાત્મ્યની કે પોતાપણાની લાગણી ધરાવતી હોય તે જૂથને સ્વકીય જૂથ કહેવામાં આવે છે. કુટુંબ, જ્ઞાતિ, ધર્મ વગેરે સ્વકીય જૂથનાં ઉદાહરણો છે. સ્વકીય જૂથમાં સભ્યો વચ્ચે વિધાયક પ્રકારની આંતરક્રિયા થાય છે.

પરકીય જૂથ : જે જૂથના સભ્યો પરત્વે વ્યક્તિ તાદાત્મ્ય ધરાવતી નથી, પરંતુ વિરોધી વલણો ધરાવે છે તેને પરકીય જૂથ કહેવામાં આવે છે. વ્યક્તિ પરકીય જૂથના સભ્યો પરત્વે શંકા-કુશંકા, અણગમો, ધિક્કાર અને પૂર્વગ્રહો ધરાવે છે. સ્વકીય જૂથ અને પ્રકીય જૂથ એ બંને સાપેક્ષ જૂથો છે. દા. ત., ગોરા અને હબસીઓ. ગોરાઓ માટે ગોરાઓનું જૂથ સ્વકીય જૂથ છે, જ્યારે હબસીઓનું જૂથ પરકીય જૂથ છે. જ્યારે બીજી બાજુ હબસીઓ માટે હબસીઓનું જથ સ્વકીય જૂથ છે અને ગોરાઓનું જૂથ પરકીય જૂથ છે. આ જ રીતે હિંદુઓ અને મુસ્લિમ, મૂડીવાદી અને સામ્યવાદી, સવર્ણ અને પછાત વર્ણ – આ જૂથો પરસ્પર સ્વકીય અને પરકીય જૂથો છે.

(4) ઔપચારિક જૂથ અને અનૌપચારિક જૂથ :

ઔપચારિક જૂથ : સામાન્ય રીતે જે જૂથોમાં વર્તન અંગેના ચોક્કસ નિયમો હોય છે તેવાં જૂથોને ઔપચારિક જૂથો કહેવાંમાં આવે છે. આ પ્રકારનાં જૂથોમાં દરેક સભ્યનું સ્થાન તેમજ તેણે બજાવવાની ફરજો નિયમો દ્વારા નક્કી થયેલી જૂથ અને સામાજિક આંતરક્રિયા હોય છે. જેમકે કૉલેજ, રાજકીય પક્ષો, ક્લબ વગેરે.

અનૌપચારિક જૂથ : જે જૂથોમાં વર્તન અંગેના ચોક્કસ નિયમો હોતા નથી તેવાં જૂથોને અનૌપચારિક જૂથો કહેવામાં આવે છે. જેમકે ટ્રેનમાં એકત્રિત થયેલા મુસાફરો, ચર્ચામાં જોડાયેલા વિદ્યાર્થીઓ, હોટલમાં બેઠેલા મિત્રો વગેરે.

(5) સુસંગઠિત અને અવ્યવસ્થિત જૂથ :

સુસંગઠિત જૂથ : જે જૂથ ચોક્કસ નિયમો કે ધારાધોરણોથી બંધાયેલો હોય છે તેમજ વ્યવસ્થિત અને નક્કી કરેલ હેતુ ધરાવતો હોય છે તે જૂથને સુસંગઠિત જૂથ કહે છે. શાળા, કૉલેજ, રાજકીય પક્ષ વગેરે સુસંગઠિત જૂથનાં ઉદાહરણો છે.

અવ્યવસ્થિત જૂથ : જે જૂથમાં ચોક્કસ નિયમો કે ધારાધોરણો હોતાં નથી તે જૂથને અવ્યવસ્થિત જૂથ કહે છે. દા. ત., રસ્તા પર આકસ્મિક રીતે એકત્ર થયેલ જનસમુદાય એ અવ્યવસ્થિત જૂથ છે.

(6) સર્વસ્પર્શી જૂથ અને અંશસ્પર્શી જૂથ

સર્વસ્પર્શી જૂથ : જે જૂથમાં વ્યક્તિની તમામ જરૂરિયાતો સંતોષાય છે તેમજ જે જૂથમાં વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ થતો હોય છે તે જૂથને સ્વસ્પર્શી જૂથ કહે છે. ગ્રામ્યસમાજ સર્વસ્પર્શી જૂથનું ઉદાહરણ છે.

અંશસ્પર્શી જૂથ ઃ જે જૂથમાં વ્યક્તિની અમુક જરૂરિયાતો સંતોષાય છે તેમજ જે જૂથમાં વ્યક્તિના વ્યક્તિત્વના અમુક પાસાંઓનો જ વિકાસ થાય છે તેને અંશસ્પર્શી જૂથ કહે છે. શૈક્ષણિક સંસ્થા, વ્યવસાય મંડળો વગેરે અંશસ્પર્શી જૂથનાં ઉદાહરણો છે.

(7) આકસ્મિક જૂથ અને હેતુલક્ષી જૂથ :

આકસ્મિક જૂથ : કોઈપણ હેતુ વિના આકસ્મિક રીતે એકત્ર થયેલ લોકસમુદાયને આકસ્મિક જૂથ કહે છે. રેલવે સ્ટેશન કે બસસ્ટેન્ડ આગળ એકત્રિત થયેલ લોકસમુદાય એ આકસ્મિક જૂથ છે.

હેતુલક્ષી જૂથ : કોઈ ચોક્કસ હેતુની સિદ્ધિ માટે રચાયેલ જથને હેતુલક્ષી જૂથ કહે છે. શિક્ષકસંઘ, મજૂરમંડળ, રાજકીય પક્ષ, મનોરંજન ક્લબ વગેરે હેતુલક્ષી જૂથનાં ઉદાહરણો છે.

(8) ખુલ્લા જૂથ અને મર્યાદિત જૂથ :

ખુલ્લા જૂથ ః જે જૂથનું સભ્યપદ સરળતાથી પ્રાપ્ત થઈ શકતું હોય તે જૂથને ખુલ્લું જૂથ કહે છે. દા. ત., રાજકીય પક્ષ

મર્યાદિત જૂથ : જે જૂથનું સભ્યપદ પ્રાપ્ત કરવું સહેલું નથી તે જૂથને મર્યાદિત જૂથ કહે છે. દા.ત., ગુનેગારોની ટોળકીઓ.